જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૨/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૪૮/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૬૨ | 3 | ૧૦૯૬૫ | ૧૭૧૦૨ | 3 | ૧૭૧૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૨૭ | ૧૪ | ૪૬૪૧ | ૬૧૪૮ | ૧૪ | ૬૧૬૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૦ | ૧ | ૬૧ | ૨૩૯ | ૦ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૯૩૮૧ | ૩૭૭ | ૧૯૭૫૮ | ૨૦૪૩૯ | ૩૭૯ | ૨૦૮૧૮ |
| | કુલ | ૩૫૦૩૦ | ૩૯૫ | ૩૫૪૨૫ | ૪૩૯૨૮ | ૩૯૬ | ૪૪૩૨૪ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૮ | ૧૪,૮૫,૬00/- |

| પત્રક-3 | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 3૮૮3 | 3૮,૮3,000/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન

## પોકેટ કોપ એપ્લીકેશન મદદથી છ(૬) વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૧ શ્રી આર.વી.અસારી સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી વિજય પટેલ સાહેબ તથા ઇ. મદદનીશ પોલીસ કમિશ્નર “એલ” ડિવિઝન શ્રી એ.એમ.દેસાઇ સાહેબ અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સાબરમતી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રીમતી બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના લોકરક્ષક ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦, લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ તથા લોકરક્ષક શક્તિસિંહ જગદીશસિંહ બ.નં.૦૪૪૩ નાઓને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, "એક ઇસમ જેને શરીરે ગ્રે તથા કાળા કલરનુ જેકેટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે જે ઇસમ પોતાના કબજામાં એક એક્ટીવા જેનો આર.ટી.ઓ. નં.GJ-01-PN-1415 નું લઇ અચેર સ્મશાન પાસેથી પસાર થનાર છે જે ચોરીનું છે” જે બાતમી આધારે બે પંચો સાથે સાબરમતી અચેર સ્મશાનના ગેટથી આગળ છુટાછવાયા વોચ કરતાં થોડી વાર બાદ બાતમી હકીકતવાળો ઇસમ એક્ટીવા લઇ આવતો જણાતાં જેને નજીક આવવા દઇ કોર્ડન કરી રોકી લીધેલ જે એક્ટીવા જેનો આર.ટી.ઓ. નં.GJ-01-PN-1415 નો છે જેને સાઇડમાં કરાવી સદરી ઇસમનું પંચો રૂબરૂ નામઠામ પુછતાં પોતે પોતાનુ નામ ભાવિકભાઇ સ/ઓ ગૌતમભાઇ રાઠોડ ઉ.વ.૨૧, રહે. મ.નં-એફ/૨૦૬, કર્ણાવતી ફ્લેટ, સ્નાનાગારની સામે, સ્મશાન રોડ, સાબરમતી, અમદાવાદ શહેર હોવાનું જણાવેલ અને તેની પાસે રહેલા એકટીવાની આર.સી. બુક માંગતા ગલ્લા-તલ્લા કરતો હોય જેથી પોકેટ કોપ મોબાઇલમાં સર્ચ કરતા વાહન માલીક અન્ય જણાતા વધુ પુછપરછ કરતા પોતે આ એક્ટીવા ચોરી કરેલ હોવાનું અને વિશ્વાસમાં લઇ વધુ પછપરછ કરતા અન્ય પાંચ ટુ વ્હિલર વાહનોની પણ ચોરી કરેલ હોવાનું જણાવેલ અને તે વાહનો મુકેલ જગ્યા બતાવતા તમામ વાહનો CRPC કલમ ૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ અને આરોપીનો કોવીડ-૧૯ નો ટેસ્ટ કરાવી રિપોર્ટ આવેથી CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

આમ સાબરમતી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા વાહન ચોરીના છ ગુનાઓનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તા.૧૨/૧૨/૨૦૨૦

## ડીટેક્ટ કરવામાં આવેલ ગુનાઓ :

સાબરમતી પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૫૨૫/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ
સાબરમતી પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૬૨૧/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ
સાબરમતી પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૬૫૩/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ
રાણીપ પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૨૨૦૦૯૮૧/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ
ચાંદખેડા પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૨૬૩/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ
ઘાટલોડીયા પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૪૨૦૦૯૨૫/૨૦૨૦ IPC કલમ ૩૭૯ મુજબ

## કબજે કરવામાં આવેલ મુદામાલ :

એક સફેદ કલરનુ હોન્ડા કંપનીનુ એક્ટીવા ૧૦૯ સીસી મોડલ આર.ટી.ઓ. નં.GJ-01-PN-1415 નો લખેલ જણાય છે જેનો એન્જીન નં.JF50E70163523, ચેચીસ નં.ME4JF501DD7163439 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ગણી શકાય.

એક કાળા કલરનું એક્ટીવા છે જેનો આર.ટી.ઓ. નંબર-GJ-01-LH-6809 નો લખેલ જણાય છે તથા જેનો એન્જીન નં.0198463 નો છે તથા ચેચીસ નં.G98198350 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ગણી શકાય.

એક ગ્રે કલરનું હોન્ડા એક્ટીવા છે જેનો આર.ટી.ઓ. નં.GJ-01-SF-7732 નો લખેલ જણાય છે જેનો એન્જીન નં.JF50E80743544 નો છે તથા ચેચીસ નં.ME4JF501BE8744708 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ગણી શકાય.

એક હોન્ડા કંપનીનુ 5G એક્ટીવા છે જેનો આર.ટી.ઓ. નં.GJ-01-UK-8208 નો લખેલ જણાય છે જેનો એન્જીન નં.JF50ET7507119 નો છે તથા ચેચીસ નં.ME4JF50AJJT509178 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ગણી શકાય.

એક ગ્રે કલરનુ હોન્ડા એક્ટીવા છે જેનો આર.ટી.ઓ. નંબર-GJ-01-LK-6770 નો લખેલ જણાય છે જેનો એન્જીન નં.JC44E0369937 નો છે તથા ચેચીસ નં.ME4JC445L98321341 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ગણી શકાય.

એક ગ્રે કલરનું હોન્ડા એક્ટીવા છે જેનો આર.ટી.ઓ. નં.GJ-01-NK-2365 નો લખેલ જણાય છે જેનો એન્જીન નં.C44E5099739 નો છે તથા ચેચીસ નં.ME4JC448LB7100919 નો લખેલ છે જેની આશરે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ગણી શકાય તે સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાંથી બિનવારસી કબજે કરેલ.

જે પાંચ ટુ વ્હિલર વાહનો આરોપીએ બતાવેલ જગ્યાએથી તથા એક બિનવારસી મળી આવેલ તે ટુ વ્હિલર વાહન સાથે કુલ છ વાહનો આશરે કિંમત રૂ. ૧,૩૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

✚ <u>સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u> :

(૧) પો.સ.ઇ. શ્રીમતી બી.પી.ભેટારીયા (૨) HC કિશોરસિંહ ભેરુસિંહ બ.નં.૮૨૯૨ (3) PC કમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ (૪) PC હિતેષકુમાર મોહનભાઇ બ.નં-૫૯૫૯ (૫) PC વિજયસિંહ પૃથ્વીસિંહ બ.નં.૫૭૫૫ (૬) PC સંદીપકુમાર નટવરલાલ બ.નં.૮૭૯૮ (૭) LRD ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૮) LRD અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૯) LRD શક્તિસિંહ જગદીશસિંહ બ.નં.૦૪૪૩ (૧૦) LRD કમલેશભાઇ સાગરભાઇ બ.નં.૮૦૫૫



# પાસા અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન

### મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે આ પ્રકારનો ગુનો આચરનાર નામે જયેશભાઈ જીવણભાઈ છગનભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૫ રહે.મ.ન.બી/૩૦૨ શુભ વાસ્તુ ફ્લેટ હાઈટસ ચેનપુર રોડ જગતપુર સાબરમતી અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધ નારણપુરા પો.સ્ટે પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૪૨૦૦૦૪૭/૨૦ ઇપીકો ૩૭૯ મુજબ તથા સાબરમતી પો.સ્ટે પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૯૨૦૦૨૧૩/૨૦ ઇપીકો ૩૭૯ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦૦/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૧૩-૧૨-૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો. ઇન્સ. શ્રી આર.એચ.વાળા (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) HC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૫) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૧૧/૨૦૧૯ IPC ૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨) GP Act ૧૩૫(૧) (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૧૪૮/૨૦૨૦ IPC ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ GP Act ૧૩૫(૧) (૩)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૧૫૦/૨૦૨૦ IPC ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ GP Act ૧૩૫(૧) (૪)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૬૯૪/૨૦૨૦ IPC ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) GP Act ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૨૯૯/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાકઃ૧૨/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૩/૧૨/૨૦૨૦

## આરોપીનું નામ:-

શ્રી જય શૈલેષચંદ્ર પંચોલી ઉ.વ.૧૯ રહે.૪/૫૪,શિવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦ તથા અ.લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં.૯૨૪



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૫૦૮/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/૧૩૦૨/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાક:૧૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૩/૧૨/૨૦૨૦

## આરોપીનું નામ:-

પ્રશાંત સ/ઓ છગનભાઇ અંબાલાલ જાતે પરમાર રહે.મ.નં.૦૪,ચામુંડા સોસાયટી પ્રભાકર ટેનામેન્ટની સામે જી.ડી.હાઇસ્કુલ રોડ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-લાલપર તા.વાંકાનેર જી.મોરબી

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## પાલડી પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઇસમની “પાસા” હેઠળ અટકાયત કરતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એન” ડિવીઝન સાહેબ નાઓની સુચના આધારે મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા સારુ તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરુધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા પ્રકારની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારના મિલ્કત સબંધી ગુનામાં પકડાયેલ ઈસમ વિરુધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઈસમ નાઓ વિરુધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓને પાઠવી મે.પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૯૪/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના રોજથી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે સદર ઈસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઈસમને તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૧/૩૦ વાગે ઉપરોક્ત “પાસા” હુકમની બજવણી કરી સદર ઈસમને યોગ્ય કેદી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપી

અખ્તર ઉર્ફે સ/ઓફ ભુરો મયુદ્દીન નાથુભાઈ અજમેરી ઉ.વ- ૨૮ ધંધો- છુટક મજુરી રહે, કેલીકોમીલની બાજુમાં આવેલ સપ્તઋષી સ્મશાનના છાપરામાં જમાલપુર અમદાવાદ શહેર.



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૫૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૧૫૧/૨૦૨૦

**સરદારનગરઃ** વિષ્ણુભાઇ કાલાજી મકવાણા (રહે. એમ.જી.પ્રાઇમરી સ્કુલ "બી" બિલ્ડીંગની અંદર કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ થી સાજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એમ.જી.સ્કુલના "એ" બિલ્ડીંગમાં ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ઓફીસમાંથી એલ.ઇ.ડી.ટી.વી. કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૧૫૨/૨૦૨૦

**શાહીબાગઃ** નીલેશ હરીશભાઇ અગ્રવાલ (ઉ.વ.૩૬) (રહે. સ્પેકટ્રમ ટાવર માધવપુરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ એલીસ સલુન આગળ પોતાની કારના ડ્રાયવર કાર પાર્ક કરી ગાડીમાં બેઠા હતા ત્યારે ગાડી નજીક આવી એક અજાણ્યા પુરૂષે ગાડીના ડ્રાયવરને કહેલ કે તમારી ગાડીમાંથી ઓઇલ ટપકે છે તેમ કહેતા ડ્રાઇવર ગાડીમાંથી નીચે ઉતરી ચેક કરતા હતા ત્યારે ડ્રાઇવરની નજર ચુકવી અન્ય મળતીયા બે પુરૂષ ગાડીમાંથી પીયર કારડીયન લેધર બેગની ચોરી કરી લઈ જતા રહ્યા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, આઇપેડ કિમત રૂપિયા ૬૪,૦૦૦/- તેમજ બેગ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૩/૨૦૨૦**

**શાહીબાગઃ** રમેશચંદ્ર મુળજીભાઇ ગોહીલ (ઉ.વ.૬૭) (રહે.કે.જે.કડીયાની ચાલી બળીયાલીમડી ચાર રસ્તા પાસે ન્યુ સિવિલ રોડ શાહીબાગ) તા.૧૨/૧૨/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ બળીયાલીમડી ચાર રસ્તા નજીક્થી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ઓટોરિક્ષામાં આવેલ બે પુરૂષોએ આંબલી બોપલનું સરનામું પુછવાનો ડોળ કરી રિક્ષા ચાલકની મદદગારીથી રમેશચંદ્ર ગોહીલના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષની માળા કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમેશચંદ્ર ગોહીલે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૪/૨૦૨૦**

**રાણીપઃ** દર્શનભાઈ સ/ઓફ ભરતભાઈ બારોટ (ઉ.વ.૨૮) (રહે. વિહારપાર્ક સોસાયટી અંધકલ્યાણ રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૧૦/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઈ ભીમાજી ચલાવે છે.

**ચાંદખેડાઃ** સાહીલ સ/ઓ રાજેશભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. આગમન હાઇટ્સ કેશવ એપાર્ટમેન્ટ પાસે ટી.પી-૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૯/૧૫ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે બાથરૂમમાં કુવારા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જ્યંતીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી